ગાંધીનગર સમાચાર
તા. ૧૪-૨-૨૦૧૨, ગુરવાર

તંત્રી સ્થાનેથી.....

અફઝલ જાણે કોઇ સ્વાતંત્ર્ય સેનાની હોય એમ કાશ્મીરના નેતાઓ એના અપકૃત્યને છાવરી રહ્યા છે

અફઝલ ગુરૂ સંસદ પર થયેલા હુલમાનો 'માસ્ટર માઇન્ડ' હતો. એણે આ બાબત એના સ્વમુખે પણ કબૂલી હતી અને પોલીસ પાસે એ અંગેના નક્કર પુરાવા પણ હતા. સંસદ પર હુમલો કરનારા આતંકવાદીઓ બધા જ ઠાર મરાયા હતા. એમનો સામનો કરનારા સંસદના રક્ષકો પૈકી પણ આઠ જણ શહીદ થયા હતા. આખી ઘટના ભારતના સાર્વભૌમત્વ સામેના એક મસમોટા પડકાર સમી હતી. પાકિસ્તાન પ્રેરિત ત્રાસવાદીઓ આ હુમલા દ્વારા ભારતની સરકારને અને દુનિયાને એક સ્પષ્ટ સંદેશ આપવા માગતા હતા કે અમે જાનનો ખતરો વહોરીને પણ ભારતની સર્વોચ્ચ સત્તા ગણાતી સંસદ પર હુમલો કરી શકીએ છીએ. જો ભારતીય જાંબાઝ જવાનોએ જરા સરખી ચૂક કરી હોત તો આ આતંકવાદીઓએ સંસદમાં પ્રવેશ કરી કાળો કેર વર્તાવ્યો હોત અને તત્કાલીન રાષ્ટ્રીય નેતાઓ પૈકી કેટલાય સાંસદોએ જીવ ગુમાવવો પડ્યો હોત, એમાં શંકાને સ્થાન નથી. આવા ખૂંખાર ત્રાસવાદી અફઝલ ગુરૂને ફાંસીના માંચડે લકટાવી દેવામાં જે વિલંબ થયો એ પણ આપણા નેતાઓની રાજકીય ઇચ્છાશક્તિનું દેવાળું નીકળી ગયું હોવાનું પ્રમાણ જ ગણાય. પરંતુ હદ તો ત્યારે થઇ ગઇ કે યાસીન મલેક જેવા કાશ્મીરમાં અલગતાવાદી જૂથોના આગેવાનો પાકિસ્તાની ત્રાસવાદી સંગઠનોના હાફિઝ સઇઝ જેવા અગ્રણીઓ સાથે અફઝલ ગુરૂના મોતનો માતમ મનાવવા પહોંચી ગયા. જૈશે મોહંમદ જેવી સંસ્થાઓ સાથે જમ્મુ-કાશ્મીર લિબરેશન ફ્રંટને લોહીની સગાઇ હોય ત્યારે હુરિયતના નેતા યાસીન મલેકને પાકિસ્તાનના વિઝા અપાવતાં ભારત સરકારે સત્તર વાર વિચાર કરવો જોઇતો હતો. ભારત સરકારે જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રીને અફઝલ ગુરૂને આપવામાં આવનાર ફાંસી વિશે આગોતરી જાણ કરી હતી, એના પરિવારને પણ 'સ્પીડ પોસ્ટ' મારફત સમાચાર આપવામાં આવ્યા હતા. તેમ છતાં આખું કાશ્મીર જાણે બાનમાં પકડાઇ ગયું હોય એમ ચાર ચાર દિવસથી ત્યાં કર્ફ્યું ચાલુ રાખવો પડ્યો છે, ટીવી ચેનલો અને ઇન્ટરનેટ તથા મોબાઇલ નેટવર્કને તાળાં લગાવી દેવાયાં છે. કાશ્મીરના તમામ રાજકીય નેતાઓ અફઝલ ગુરૂને અપાયેલ ફાંસીના મુદ્દે સુપ્રીમ કોર્ટ, ભારત સરકાર અને ભારતની પ્રજા કરતાં સામા છેડાનો અભિપ્રાય ધરાવે છે તે કેવી વિડંબના છે! અફઝલ ગુરૂના અપકૃત્યને એ લોકો ભગતસિંહે કરેલા બોમ્બ વિસ્ફોટ સાથે સરખાવે છે. એના ગુના બદલ એને ફાંસી નહીં પણ આજીવન કેદ થવી જોઇતી હતી એવાં નિવેદનો કરે છે. ખુદ કેન્દ્રીય મંત્રીમંડળના સભ્ય અને નેશનલ કોન્ફરંસના વડા ડૉ. ફારૂખ અબ્દુલ્લા પણ એમનાં મુખ્યમંત્રી-પુત્રનાં સૂરમાં સૂર પુરાવી રહ્યાં છે. અફઝલ ગુરૂના પરિવારને એની સાથે નહીં મળવા દેવાયાનો મુદ્દો ચગાવાઇ રહ્યો છે. એમાં સીપીઆઇના વડા એ.બી.બર્ધન જેવા કહેવાતા બિનસાંપ્રદાયિક નેતાઓ પણ સામેલ થઇ જાય ત્યારે શું કહેવું! કાયદો અને માનવ અધિકારો - એ બધાં જ વાનાં રાષ્ટ્રીય સલામતીનાં મુદ્દે હાંસિયે ધકેલાઇ જતાં લાગે તો પણ એકી અવાજે રાષ્ટ્રીય સલામતીનો જ રાગ આલાપવો જોઇએ. અમેરિકા જેવી વિશ્વની શ્રેષ્ઠ લોકશાહી પણ લાદેન જેવા ત્રાસવાદી સામે એ રીતે વર્તી છે, એમાં વિરોધ પક્ષોએ કયારેક પ્રમુખના પગલાંને વિવાદાસ્પદ નથી ગણાવ્યું. એક આપણો જ દેશ એવો છે જયાં ખૂંખાર ત્રાસવાદીને સર્વોચ્ચ અદાલતે સંભળાવેલી સજા પર (અને રાષ્ટ્રપતિએ એની દયા અરજી નકાર્યા પછી) એનો અમલ કરવાના કૃત્યને બિરદાવવાને બદલે ગૃહમંત્રીએ જાણે મોટો ગુનો આચરી દીધો હોય એમ બધી દિશાએથી પસ્તાળ પડી શકે છે!

સર્વ સાક્ષરતા અભિયાનના નામે ઓનલાઈન અરજી મંગાવી કૌભાંડ

સર્વ શિક્ષા અભિયાનને બદલે મલતુ-ઝુલતુ સર્વ સાક્ષરતા અભિયાન નામ આપી સરકારી નોકરી માટે એપ્લીકેશન મંગાવી દરેક ઉમેદવાર પાસેથી ડ્રાફ્ટ સ્વરૂપે રૂપિયા ખંખેર્યા : સે. ૧૧માં શરૂ કરેલી ઓફીસને પાટીયા પાડી દીધા

ગાંધીનગર, તા. ૧૩

સર્વશિક્ષા અભિયાનના બદલે સર્વ સાક્ષરતા અભિયાનનાં નામે ગાંધીનગર શહેરના સે. ૧૧ ખાતે કોમર્શીયલ કોમ્પલેક્ષમાં ઓફીસ ખોલીને સરકારી નોકરી ઈચ્છુક ઉમેદવારો પાસે રૂ. ૧૦૦ના ડ્રાફ્ટ સાથે ઓનલાઈન એપ્લીકેશન મંગાવીને બોગસ જાહેરાતથી હજારો ઉમેદવારોના રૂપિયા ખંખેરીને ઉઠામણું કરી લઈ છેતરપીંડી કરવામાં આવી હોવાનું સ્કેન્ડલ બહાર આવવા પામ્યું છે. સંબંધીત ખાતાના અધિકારી વી.જી. મોદીની ફરીયાદને આધારે સેક્ટર-૭ પોલીસે આ સંદર્ભે છેતરપીંડીના પ્રયાસનો ગુનો દાખલ કરી સરકારી નોકરીની લાલચ આપીને છેતરપીંડી આચરનાર ભેજાબાજો સુધી પહોંચવા ચકો ગતિમાન કર્યા છે.

અખબારમાં ૧૧ સપ્ટેમ્બર-૨૦૧૨ના રોજ સર્વ શિક્ષા અભિયાનના સરકારી નામને મળતી સર્વ સાક્ષરતા અભિયાનના નામ વાળી જાહેરાત પ્રસિદ્ધ થવા પામી હતી. આદિજાતી વિદ્યા વિકાસ અને સર્વસાક્ષરતા અભિયાનના નામવાળી પ્રસિદ્ધ થયેલી આ જાહેરાતમાં હજારોની સંખ્યામાં શિક્ષકથી માંડીને પટાવાળાની ભરતી પ્રક્રિયા કરવાનો ઉલ્લેખ હતો. આ ભરતી સંબંધીત રૂ. ૧૦૦ના ડ્રાફ્ટ સાથે સરકારી નોકરી ઈચ્છુક ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી હતી. જેની ઓફીસ શહેરના સેક્ટર-૧૧ ખાતે કોમર્શીયલ કોમ્પલેક્ષમાં રાખવામાં આવી હતી. ભરતી પ્રક્રિયામાં વિવિધ પોસ્ટની ખાલી જગ્યા હજારોની સંખ્યામાં બતાડી કેન્દ્ર સરકારના ધારાધોરણ મુજબ પગારધોરણની ભ્રામક જાહેરાત અપાઈ હોવાથી સંખ્યાબંધ બેરોજગાર ઉમેદવારોએ આ નોકરી મેળવવા ઓનલાઈન અરજી કરી હતી. ભરતી પ્રક્રિયાની ઓનલાઈન અરજીની તારીખ પુરી થયાને ત્રણ-ચાર મહિના નીકળી ગયા બાદ પણ કોઈ જ રીપ્લાય કે કોલ લેટર કે એક્ઝામ ડેટ પણ ડીકલેર ન થતાં કેટલાક ઉમેદવારોએ સે. ૧૧ની ઓફીસમાં જઈને તપાસ કરી તો તે ઓફીસના પાટીયા પડી ગયેલા હતા. ધીરજ રાખીને ઉમેદવારો સર્વ શિક્ષા અભિયાનની કચેરીએ ગયા અને ભરતીનું શું થયું તે અંગે પુચ્છા કરી તો તંત્ર પણ ચોંકી ઉઠ્યું હતું. તંત્ર દ્વારા કોઈ ભરતી પ્રક્રિયા કરવામાં જ આવી ન હોવા છતાં કેવી રીતે જાહેરાત પડી? તે પ્રશ્ને તંત્ર પણ અચંબામાં મુકાઈ ગયા. સમગ્ર કૌભાંડ નોકરી આપવાના બહાને થઈ ગયું હોવાનું બહાર આવ્યું હતું. તપાસનો વિષય એ છે કે આ ભ્રામક જાહેરાત બાદ કેટલા ઉમેદવારોએ ઓનલાઈન એપ્લીકેશન ભરીને ડ્રાફ્ટ જમાં કરાવ્યો હતો? અને તે ફ્રોડ વ્યક્તિઓ કોણ હતા તથા કેટલા રૂપિયાની છેતરપીંડી કરીને તેઓએ ઓફીસના પાટીયા પાડી દીધા ? અધિકારી વિજયભાઈ ગોવિંદભાઈ મોદીની ફરીયાદને આધારે સેક્ટર-૭ પોલીસે અજાણ્યા ચીટર્સ વિરૂદ્ધ છેતરપીંડીનો ગુનો દાખલ કરીને પી.એસ.આઈ. એ.કે. ભરવાડે તપાસનો દોર શરૂ કરી સમગ્ર કૌભાંડ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

ડાર્લીંગ, ચિંતા ન કરીશ રાત્રે આપણે મોડું થાય તો પોલીસને ફોન કરી દેજે તને સલામત રીતે ઘર સુધી મૂકી જશે...!!

શ્રીમતી આર.જી. પટેલ કન્યા શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના મગોડી મુકામે નટુભાઈ ઠક્કર ફાઉન્ડેશન દ્વારા જિલ્લાની દસ શાળાઓમાંથી આવેલા વિદ્યાર્થીઓ વચ્ચે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જે વક્તૃત્વ સ્પર્ધામાં આર.જી. પટેલ કન્યા શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા ઉત્કૃષ્ટ દેખાવ કરવામાં આવ્યો છે. માધ્યમિક વિભાગમાં કુમારી હાર્દિ ચૌધરી પ્રથમ નંબર મેળવી રૂ. ૪૫૦ ઈનામ મેળવેલ છે. તેમજ ઉચ્ચ. માધ્યમિક વિભાગમાં શાળાની ભાવસાર નિકી એસ.એ પણ પ્રથમ નંબર મેળવી ઈનામ તેમજ શિલ્ડ અપાવીને શાળાનું ગૌરવ વધાર્યું છે. આજ ફાઉન્ડેશન દ્વારા નિબંધ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં પણ શાળાનો ઉત્કૃષ્ટ દેખાવ જાળવી રાખ્યો હતો. જેમાં માધ્યમિક વિભાગમાં ત્રીજા નંબરે પરમાર લીના ઈનામ મેળવ્યું હતું અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં રાઠોડ જૈમિની પ્રથમ નંબર મેળવ્યો હતો. તે બદલ વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહન આપનાર અને સહકાર આપનાર શિક્ષકોને શાળા પરિવાર તરફથી આચાર્ય સુધાબેન પટેલ દ્વારા અભિનંદન પાઠવ્યા હતા.

આશારામ આશ્રમ દ્વારા આજે માતૃ-પિતૃ પૂજન દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૩

૧૪મી ફેબ્રુઆરીના દિવસે વેલેન્ટાઈન ડે ની નહિ પરંતુ માતૃ-પિતૃ પૂજન દિવસની ઉજવણી કરવાનો મહિમા વધતો જાય છે. આવતીકાલે તા. ૧૪મી ફેબ્રુઆરીના રોજ સંત શ્રી આશારામજીની પ્રેરણાથી માતૃ-પિતૃ પૂજન, સાંસ્કૃતિક કાર્યક્રમ અને ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન બપોરે ૨.૩૦ કલાકે એસ.ટી. વર્કશોપનું મેદાન, નરોડા પાટીયા અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે.

આજે માતા-પિતા અને સંતાનોમાં પરસ્પર સામંજસ્યનો અભાવ અને એનાથી ઘટીત થઈ રહેલી અપ્રિય ઘટનાઓ અને વૃદ્ધાશ્રમોની વધતી જતી સંખ્યા એક ચિંતાનો વિષય છે. આવા સંજોગોમાં પશ્ચિમિ સંસ્કૃતિની અસર હેઠળ ઉજવાતા વેલેન્ટાઈન્સ ડે ની ઉજવણીના બદલે માતૃ-પિતૃ પૂજન દિવસની ઉજવણી કરવી જોઈએ. સંતશ્રી આશારામજી આશ્રમની પ્રેરમાથી છેલ્લા કેટલાક વર્ષોથી ૧૪મી ફેબ્રુઆરીના રોજ માતૃ-પિતૃ પૂજનને કાર્યક્રમ યોજવામાં આવે છે. આવતીકાલે નરોડા પાટિયા ખાતે યોજાનાર માતૃ-પિતૃ પૂજન કાર્યક્રમમાં હજારોની સંખ્યામાં બાળકો અને તેમના માતા-પિતા ઉપસ્થિત રહેશે.

આર.જી. પટેલ શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૩

ખેલમહાકુંભ અંતર્ગત યોજાયેલી જિલ્લાકક્ષાની ૧૬ વર્ષથી ઉપરની વોલીબોલ અને રસ્સાખેંચ સ્પર્ધામાં આર.જી. પટેલ કન્યા શાળાની વિદ્યાર્થિનીઓએ ઉત્કૃષ્ઠ દેખાવ કરી વિવિધ રોકડ ઈનામો મેળવી શાળાને ગૌરવ અપાવ્યું હતું.

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૩માં આવેલ સ્વામીનારાયણ ગુરૂકુલ ખાતે આયોજીત જિલ્લાકક્ષાની વોલીબોલ સ્પર્ધામાં આર.જી. પટેલ કન્યા શાળાની વિદ્યાર્થિનીઓ ક્રિષ્ના નાયક, નિકિતા વાઘેલા, દિવ્યા પ્રજાપતિ, હેતલ પંડ્યા, નિધિ પટેલ, અવની પટેલ, પારૂલ ખડાયિતા, હિમાની પ્રજાપતિ અને ક્રિષ્ના પટેલે ઉત્કૃષ્ઠ રમત દેખાતી પ્રથમ નંબરે આવી રૂ. ૩૬,૦૦૦નું રોકડ ઈનામ પ્રાપ્ત કર્યુ હતું. આ તમામ વિદ્યાર્થિનીઓ આગામી સમયમાં રાજ્યકક્ષાએ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. જ્યારે જિલ્લા કક્ષાની રસ્સાખેંચની સ્પર્ધામાં પણ શાળાની વિદ્યાર્થિનીઓએ દ્વિતીયક્રમે વિજય થઈ રૂ. ૧૮,૦૦૦ નું રોકડ ઈનામ પ્રાપ્ત કર્યુ હતું. જેવો પણ રાજ્ય કક્ષાએ પસંદગી પામી છે.

આ તમામ વિદ્યાર્થિનીઓને શાળાના વ્યાયામ શિક્ષિકા ઉર્વશી જોષીએ તાલીમ આપી હતી. શાળાનું ગૌરવ વધારનાર શાળા આચાર્યા સુધાબેન પટેલ અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

પંદર ગામ રાજપૂત સમાજનો ૧૬મો સમૂહ લગ્નોત્સવ ૧૭મીએ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

પંદર ગામ રાજપૂત સમાજ આયોજીત સમૂહ લગ્નોત્સવ સમિતિ દ્વારા ૧૬મો સમૂહ લગ્નોત્સવ તા.૧૭મી ફેબ્રુઆરી ૨૦૧૩ને રવિવારના રોજ પંદર ગામ રાજપૂત સમાજવાડી, વિહાર ચાર રસ્તા તા. માણસા જી. ગાંધીનગર ખાતે યોજાશે. આ સોળમાં સમૂહ લગ્નોત્સવમાં રાજપૂત સમાજના ૩૭ નવ દંપત્તિઓ પ્રભુતામાં પગલા પાડશે. પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પરમ પૂજય પરમેશ્વરદાસજી મહારાજ, ડૉ. સી.જે. ચાવડા, બળવંતસિંહ રાજપૂત, ધારાસભ્ય સિધ્ધપુર-મહેન્દ્રસિંહ વાઘેલા ધારાસભ્ય, બાયડ અર્જુનસિંહ ભાટી વગેરે ધાર્મિક સામાજીક અને રાજકીય આગેવાનો ઉપસ્થિત રહી યુગલોને આશીર્વચન આપશે. આ પ્રસંગે સમાજના સ્નેહીજનો અગ્રણીઓ અને સગા સંબંધીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન પણ કરાશે એમ સમાજના પ્રમુખ તખતસિંહ હડીયોલે જણાવ્યું હતું.

સરસ્વતી વિદ્યાલયમાં યોગ પ્રાણાયામ પરિસંવાદ

સરસ્વતી વિદ્યાલયમાં બાળકોનાં અભ્યાસમાં ઉમદા હેતુથી ધ્યાન, યોગ અને પ્રાણાયામ દ્વારા એકાગ્રતા કેળવી શકે તે માટે 'વી-કેર' સંસ્થા દ્વારા પરિસંવાદ યોજાયો હતો. ચેરમેન જે.સી.પટેલે આયોજન કરેલ હતું. વિદ્યાર્થીઓની માનસિક અસ્થિરતા સ્થિતિ દુર કરવા માટેનો ઉમદા હેતુથી પરિસંવાદ યોજાયો હતો. ટ્રસ્ટી સુરેશભાઈ પટેલે આભાર માન્યો હતો.

બીજાઓને પોતાને ત્યાં મહેમાન બનવાની તક આપવાના બદલે પોતે જ કાકી સાથે કોકને ત્યાં મહેમાન તરીકે ધામા નાખવા માટે મશહૂર લાલાકાકાને ત્યાં 'ઘોસ્ટ' જેવા 'ગેસ્ટ' આવી ચઢતાં રેડ અંકલ સલવાયા

ગુરૂવારની ગપસપ
- પ્રકાશ લાલા

''કહું છું સાંભળો છો''

લગભગ પરણેલાં, સૉરી... સૉરી... લગભગ નહીં 'પૂરેપૂરા' પરણેલાં, લગભગ દરેક પુરૂષે તેના ઘરમાં, પોતાની પત્ની દ્વારા, રોજેરોજ એકથી અનેકવાર સાંભળવો પડતો હોય છે - એ પ્રશ્ન એક સવારે અમારાં શ્રીમતીજીએ અમને રસોડામાંથી કર્યો...

ને ઉત્તરમાં બહાર બેઠેલાં અમે કહ્યું : ''ધ્યાન બહેરા થતાં અમને આવડતું નથી અને શ્રવણશક્તિ ક્ષીણ થવાના લીધે તમારા સહિત, આ અસાર સંસારની આડીઅવળી, સારી-નરસી વાતો સાંભળવાના ત્રાસમાંથી મુક્તિ મેળવવાનું સદ્‌ભાગ્ય (!) હજી અમને પ્રાપ્ત થયું નથી એટલે સાંભળું જ છું...''

અમને ''સાંભળો છો?'' કહીને એ રસોડા ખાતે દાળ-ચોખામાં પડ્યાં હશે કે શું તે અમારૂં બોલેલું એમને સંભળાયું નહીં અને થોડીવાર પછી જરા વધુ ઊંચા સ્વરે એમણે પ્રશ્નનું પુનરાવર્તન કર્યું : ''કહું છું, સાંભળો છો?''

''અરે ભાઈ, કાન હડતાળ પર નથી ઉતર્યાં, અમે ફરી જવાબ આપ્યો : અને હા, તુમ પુકારો ઔર હમ ન સુને ઐસી તો તાકાત કહાં...?''

''બસ, બસ હવે...'' એટલે રસોડામાંથી જ ગુસ્સાથી કહ્યું : ''વાતને આડે પાટે ના ચઢાવો અને સવાર સવારમાં તમારી હાસ્યવૃત્તિને હાસ્ય લેખકોની શક્તિનો પરિચય કરાવ્યા વિના છાનામાના મારી વાત સાંભળો...'' ઘરકી મુર્ગી દાલ બરાબર તે આ જ કે બીજું? અમારી વિશિષ્ટ આવડતની કદર કરવાના બદલે એવું એક ઝાટકે જ 'ડીવેલ્યુએશન' કરી નાખતાં શ્રીમતીજીએ સંભળાવ્યું. એટલે પછી ''હા... બોલો.'' અમે શરણાગતિ સ્વીકારી લેતાં એમને સંભળાય એ રીતે કહ્યું અને પછી ન સંભળાય એમ સ્વગતોક્તિ પણ કરી : ''છૂટકો છે અમારે તમારૂં સાંભળ્યા વિના! અમારે તો ઘરમાં તમને, ઓફિસમાં સાહેબોને અને બાકી બચેલા સમયમાં પડોશી લાલાકાકાને સાંભળવાનાં જ હોય છે... બોલવાનો ચાન્સ કોઈ આપતું જ નથી.''

એટલામાં એમણે ઓટલા પર આવીને કહ્યું : ''હું એમ કહેતી હતી કે તમે જરા લાલાકાકાને ત્યાં આંટો મારી આવો ને...''

''હેં?'' લાકાકાકાનું નામ પડતાં જ અમે ચમક્યા. જેને સાંભળવાના ત્રાસમાંથી અમારે સતત છટકવું હોય છે તેને ત્યાં સામે ચાલીને જવાનું? ઊઠ પાણા પગ પર એવો ધંધો શું કામ કરવાનો, હેં?

''જુઓ, કાકા બે દિવસથી દેખાતા નથી તે ખબર કાઢી આવો ને કે એ કે કાકી બિમાર તો નથી પડ્યાંને... જાવ, જઈ આવો.''

''ભલે.'' શ્રીમતીજીનાં સૂચન-કમ-ઓર્ડર જયાદા - નો અમલ કરવા અમે પેપર પડતું મૂકી, પગમાં ચંપલ... સૉરી... ચંપલમાં પગ નાખી લાલાકાકાના ઘર પ્રતિ પ્રયાણ કર્યું.

જો કે અમારાં શ્રીમતીજીની જેમ અમનેય અંદર અંદર ચટપટી તો થતી જ હતી કે રોજ 'ગુડ મોર્નિંગ'માં અમારાં છાપા અને ચાના મફતિયા ઘરાકની 'પનુભાઈ, ઘરમાં છો કે નહિં, યાર?' વાળી હાઈ વોલ્યુમ પીપ... પી... આલબેલ બે દિવસથી કેમ સંભળાઈ નથી?

માનવ મનને માંકડું અમથું નથી કહ્યું... વસ્તુ કે વ્યક્તિ હોય ત્યારે ખમાય નહીં ના હોય ત્યારે એને ઝંખે - એનો અભાવે ય પાછો સાલતો હોય છે! ખરજવું ગમતું નથી પણ એને ખંજવાળવાની મોજે ય આપણું મન અનુભવે જ છે ને! મેરેજ સીઝનમાં બહુ નિમંત્રણો આવે તો બૂમોય આપણે જ પાડીએ છીએ કે 'ત્રાસી ગયા, ભઈ સા'બ'... અને કોઈ ઓળખીતાની કંકોતરી ના મળી હોય તો ઉપરથી ભલે કહેતા હોઈએ કે ''સારૂં થયું... દોડાદોડી ને ચાંલ્લો બચ્યાં...'' પણ અંદરખાને ચચર્યા કરે કે, 'સાલો, મને જ ભૂલી ગયો?' કંકોતરી આપી હોત તો ચાંલ્લાનો ખર્ચો મારે હતો!!' વગેરે વગેરે...

લાલાકાકાના કિસ્સામાં પણ અમારે એવું જ છે... એ રોજ આવીને, અમારી ચા પીતાં પીતાં કામની - નકામી, ભળતી મળતી વાતોનાં વડા કરી, અમારૂં જ માથું દુખાડી જાય છે. પણ જો બે દિવસ ન દેખાયા હોય તો પાછું 'લાઈફ'માં સવાર સવારમાં કંઈ ખૂટતું હોય એવું ય અમને જ લાગ્યા કરે...

- આદત સે મજબૂર બીજું શું?

અમે લાલાકાકાના ઘરે એમની ખબર લઈ નાખવા એટલે કે ખબર કાઢવા પહોંચ્યા ત્યારે એ લાલપીળા થઈને બહાર ઓટલે બેઠા હતા. અમે જઈને પૂછ્યું : ''કેમ અંકલ, આમ બહાર બેઠો છો?''

''અંદર 'ઘોસ્ટ' છે એટલે બહાર બેઠો છું!!'' એ સાઈલન્સર ચઢાવેલી 'ગન'ની જેમ ફૂટ્યાં...

''હેં? ઘોસ્ટ?''

રીઆલિટી શૉના અમદાવાદમાં યોજાયેલા ઓડિશન માટે ગામડેથી આવેલાં અંકલના ગેસ્ટ ગાયક કલાકારે તો કમાલ કરી...

''હા, પનુભાઈ હા... બે દિવસથી ઘોસ્ટ જેવો એક ગેસ્ટ અમારે ત્યાં આવી ભરાયો છે...'' થોડા ઉદાસ ચહેરે ને તરડાયેલા સ્વરે અંકલ ઉવાચ.

''ઓહ! આ તો ચોરમાં મોર પડ્યા જેવો ઘાટ થયો છે, એમને?'' અમારાથી બોલાઈ ગયું. સામાન્ય રીતે લાલાકાકા બીજાઓને પોતાના મહેમાન બનવાની તક આપવાના બદલે પોતે જ કાકી સાથે ગેસ્ટ કહેતા મહેમાન બનીને ધામા નાખવા માટે મશહૂર છે... ને એમને ત્યાં જ એમને દુઃખી દુઃખી કરી નાખે એવા ગેસ્ટ કોણ હશે એ પ્રશ્ન અમને થયો. એટલે પૂછ્યું : ''કોણ મહેમાન છે, અંકલ?''

''તમારી અંકલી, સૉરી કાકીનો ભત્રીજો... એના કોઈ માસિયાઈ ભાઈનો છોકરો છે... ગામડેથી આવી ગયો છે!!'' કાકાએ એમના ક્રોધને કંટ્રોલ કરતાં માહિતી આપી.

''હોય અંકલ... કોક દિવસ આપણે ત્યાં પણ મહેમાન આવી ચઢે.'' અમે ''આપણે ત્યાં પણ'' ઉપર જે રીતે ભાર આપીને કહ્યું તે લાલાકાકાને બરાબર વાગ્યું હશે એટલે એ ગુસ્સામાં પોતાની પૂળા જેવી મૂછો ચાવવા માંડ્યા. અમે ઉમેર્યું : ''લાલાકાકા, આપણી સંસ્કૃતિ તો કહે છે કે અતિથિ દેવો ભવ...''

''ખબર છે હવે... તમે મીટ અત્યારે આપણી સંસ્કૃતિની ના માંડો..! મહેમાનની કયાં ના છે પણ પનુભાઈ, આ તો માથે પડેલો મૂરતિયો નંબર વન છે... એક તો ઊંઘમાં આખું 'બેન્ડ વાજુ' વાગતું હોય એવાં જોરદાર ને ધારદાર નસકોરાં બોલાવે છે... બે રાતથી હું નિરાંતે સૂઈ પણ નથી શક્યો, બોલો...'' અંકલે ચીડભર્યા અવાજે દર્દ ભરી દાસ્તાન કહી.

''કાકા, હોય એ તો... નસકોરાં બોલવાં એ તો કુદરતી બાબત છે... કોઈને એવું હોય... એમ બિચારો શરમાતો હોય પણ કરે શું?'' અમે અંકલના મહેમાન પ્રત્યે સહાનુભૂતિ પ્રગટ કરી...

''એની કયાં ના છે, પનુભાઈ... પણ અમારો આ હીરો તો લાજવાના બદલે ગાજે છે... મેં સવારે એને કહ્યું કે ભાઈ, નિરવ... તું નામનો જ નિરવ છે. બાકી રાત્રેય શાંત નથી હોતો. તું તો ભારે નસકોરાંબાજ છે... તો સૉરી કહેવાને બદલે મને કહે કે ફુઆ, નસકોરાં બોલે એ તો તંદુરસ્તીની નિશાની કહેવાય... લાલા ફુઆ, તમારે ના બોલતાં હોય તો સારા ડૉકટર પાસે વેળાસર ચેક-અપ કરાવી લેવું જોઈએ...''

''શું?''

''હા... પોતે નંબર વન અને પોતાની બધી બાબત શ્રેષ્ઠ એવી ગ્રંથિથી કાકાનો આ ભત્રીજો પીડાય છે. દરેક વાતની દલીલ એની પાસે તૈયાર હોય છે... ભારે લપિયો છે...'' કાકાએ નિરવનું એનાલીસીસ કહી બતાવ્યું.

અમે પૂછ્યું : ''તે હેં લાલાકાકા, એ અહીં શું કામે આવ્યો છે?''

''અલ્યા, ભાઈ! આ હમણાં હમણાં ટી.વી. ચેનલોમાં પેલું રીઅલ શૉ - ગાવાની ને નાચવાની હરિફાઈઓ નથી આવતી?''

''હા... રીઆલીટી શૉ... સારેગમપ... ડાન્સ ઈન્ડિયા ડાન્સ... એવાની જ વાત કરો છો ને, અંકલ?''

''હા... એમાં ભાગ લેવા માટેનું ઑડિયન્સ, કંઈક અમદાવાદમાં છે...''

''ઓડિયન્સ નહીં, ફુઆ ઓડિશન - ટેસ્ટ - સીલેકશન...'' કહેતો એક ભડક કલરનો બુશશર્ટ પહેરેલો, ફાસ્ટ કલરના મુખારવિંદવાળો, પરાણે ચીપી ચીપીને બોલી પોતાનું ગામડિયાપણું છૂપાવતો યુવાન લાલાકાકાના ઘરમાંથી બહાર આવ્યો...

''હા... ભઈ, હા... બસ, એમાં નસીબ અજમાવવા અમારા આ નિરવકુમાર આવ્યા છે...'' લાલાકાકાએ થોડી ચીડ, થોડા કટાક્ષ સાથે કહ્યું...

''ઓહ... તે ભાઈ તું ગાય છે...'' અમે રેડ અંકલના એ 'ઘોસ્ટ' કહેતાં 'ગેસ્ટ' ને પૂછ્યું...

''એ ગાય નહીં, આખલો છે...'' નિરવ જવાબ આપે તે પહેલાં અંકલ અમારા કાનમાં ગણગણ્યા...

''યસ... મને નાનપણથી જ ગાવાનો શોખ છે... મને તો એકટિંગનો ય શોખ ખરો...

અમારી ગામની નિશાળમાં તો ગાવામાં ને નાટકમાં હું ભાગ લેતો જ... પણ હવે ટી.વી.માં ચાન્સ લેવો છે... એટલે ઓડિશન આપવા આવ્યો છું.''

નિરવે ઉત્સાહથી અમને એનો બાયો-ડેટા આપવા માંડ્યો : ''નિશાળમાં હું ગાઉં એટલે તાળીઓ પડે જ, હોં...''

''વેરી ગુડ!'' અમે બોલ્યાં.

''અરે, કાલે રાત્રે જ હું અહીં બેસીને ગાવાની પ્રેકટિસ કરતો હતો ત્યારે પૂછો, લાલા ફુઆ એ સાંભળીને મને સાંભળવા કેવા બહાર દોડી આવ્યા હતા... ખરૂંને ફુઆ?'' નિરવ બોલ્યો.

''હા... સાંભળવા માટે બહાર આવવું જ પડ્યું હતું...'' અંકલે દાઢમાં કહ્યું. એ સાંભળી નિરવ પોરસાયો પણ લાલાકાકાએ કતરાતી નજરે એની સામે જોઈને મને ધીરેથી કહ્યું : ''એ જોવા હું દોડ્યો કે બહાર આટલી મોડી રાત્રે કોણ ભિખારી આવીને રડતા અવાજે ગાય છે...''

''શું?'' અમે પૂછ્યું.

''હા.'' કાકાને બદલે નિરવે જવાબ આપ્યો. ''મારો અવાજ જ એવો છે ને કે બધા અંજાઈ જાય... એટલે જ હું ટી.વી. ચેનલના મ્યુઝિકના શૉ માટે ઓડિશન આપવા આવ્યો છું...''

''સરસ... ઓલ ધી બેસ્ટ... લાલાકાકા, કલા અને કલાકારને પ્રોત્સાહિત કરવા જ જોઈએ...''

''એમ?'' અમારી વાત સાંભળી રેડ અંકલ રાતાપીળા થતાં છંછેડાયા અને પછી બોલ્યા : ''નિરવ, અમારા પડોશી આ પનુભાઈ કલાપ્રેમી છે... ગીત-સંગીત ને નાટકના ભારે શોખીન. એમને ઓળખાણો ય બહુ છે. તું તારા કંઠનાં કામણ એમની આગળ રજૂ કર... એ કંઈક મદદરૂપ થશે... પનુભાઈ, સાંભળો એને... ત્યાં સુધી હું નાહી આવું...'' કહીને એ અંદર ગચ્છન્તી કરી ગયા.

ને પછી અમારી સંમતિની રાહ જોયા વિના જ નિરવે ગાવાનું શરૂ કર્યું : આ... આ... આ... ઈતની શક્તિ હમે દેના દાતા.... આ... આ....'' અપ્યાય સાથે છેડેલું ગીત સાંભળી અમૌને નવાઈ લાગી કેમ કે, નિરવકુમારના ગળામાંથી નિરવકુમારી જેવો અવાજ વહી રહ્યો હતો... એ મહેશ કનોડિયા સ્ટાઈલમાં ગાય છે એનો ખ્યાલ મળ્યો...

એણે અમારૂં રીએકશન જોવા અમારી સામે જોયું... અમારા મોં પર હજી આશ્ચર્ય હતું. તેથી અમને ગમ્યું છે એમ માની નિરવે આંખો મીંચી, ગાવાનું આગળ ચલાવ્યું... ને ગાવાના શ્રમને લીધે એના ચહેરા પર ઉભરાતા હાવ-ભાવ અમારાથી ના સહન થયા એટલે એને બંધ આંખે ગાતો મૂકી, અંકલને 'આવજો' કહેવા રોકાયા વિના અમે પણ અમારા ઘર તરફ ગચ્છન્તિ કરવામાં જ સલામતી જોઈ!!